# ગુજરાત યુનિવર્સિટી

## <u>મહાત્માગાંધી વિચાર પ્રસાર કેન્દ્ર</u>

ગુજરાત યુનિવર્સિટી મહાત્માગાંધી વિચાર પ્રસાર કેન્દ્રના ઉપક્રમે

૧૨ માર્ચ દાંડીકૂચના ઐતહાસિક દિવસે

<u>વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે.</u>

ગુજરાત યુનિવર્સિટી મહાત્મા ગાંધી વિચાર પ્રસાર કેન્દ્રના ઉપક્રમે ૧૨ માર્ચ દાંડીકૂચના ઐતહાસિક દિવસે ગુજરાત યુનિવર્સીટીના ભવનોમાં અભ્યાસ કરતાં છાત્ર-છાત્રાઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. મહાત્મા ગાંધી વિચાર પ્રસાર કેન્દ્રના સંવાહક અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ.જગદીશ ભાવસારે વિગતોમાં જણાવ્યું હતું કે ૧૨ મી માર્ચ એ મીઠાના સત્યાગ્રહ માટે મહાત્મા ગાંધી એ ગાંધી આશ્રમથી પ્રારંભકરેલી દાંડી યાત્રાનો ઐતહાસિક દિવસ છે તેમજ ભારતના જનસેવક વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણી નો રાષ્ટ્રભરમાં કરવાની ઐતહાસિક ગાંધી આશ્રમથી કરેલી ઘોષણાનો દિવસ છે.

તેઓએ સ્પર્ધાની વિગતોમાં જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતાં છાત્ર-છાત્રાઓ ગાંધીજીના જીવનમૂલ્યોથી પરિચિત થાય તે ભાવ સાથે "નયા ભારત નિર્માણમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા * વિષય પર વકતૃત્વ સ્પર્ધા એચ.કે.સેન્ટર ખાતે બપોરે ૧.૪૫ કલાકે આયોજિત કરેલ છે. આ અગાઉ કોલેજના છાત્ર-છાત્રાઓ માટે આ વિષય પર નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. ૧૨ મી માર્ચના રોજ વકતૃત્વ સ્પર્ધાના વિજેતા અને નિબંધ સ્પર્ધાના વિજેતા છાત્ર-છાત્રાઓને પુરસ્કારથી સન્માનવામાં આવશે.

આભાર

– ડૉ.જગદીશ ભાવસાર, પુર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી